NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2013

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER II

Time: 2 hours 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. There are 4 sections in this question paper. Each section has two questions. Every question has 35 marks. Only TWO questions must be answered from the entire paper. You may not answer both questions from one section.
3. Read the questions carefully.
4. Number your answers exactly as the questions are numbered.
5. It is in your own interest to write legibly and present your work neatly.

---

IEB Copyright © 2013

**આપેલા આઠ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ લખો.**

**ફરજિયાતરુપે કોઇપણ એક પ્રશ્ન ટૂંકા પ્રશ્નોમાંથી લખવાનો રહેશે અને બીજો પ્રશ્ન લાંબા પ્રશ્નમાંથી પસંદ કરી જવાબ આપવાનો રહેશે.**

**પ્રશ્ન–૧.૧ અ. નીચેના પ્રશ્નોના જવાબ લખો (કોઈ પણ પાંચ)**

૧.૧.૧ ગાંધીજી શું જોઇને સમસમી ઊઠયાં ? (4)

૧.૧.૨ ગરીબ સ્ત્રી માટે ગાંધીજીએ કસ્તૂરબાને શું કહ્યું ? (4)

૧.૧.૩ મોચીએ પગરખાંની કિંમત બતાવી એ જાણીને સાધુ કેમ નવાઇ પામ્યો ? (4)

૧.૧.૪ મોચીની પ્રામાણિકતાનો બદલો વાળવા સાધુએ શું કર્યું ? (4)

૧.૧.૫ સાધુ મોચીની દુકાને વારંવાર આંટા મારવા લાગ્યો કારણકે..........

- આ મોચી સમયસર કોઇનુ કામ કરતો ન હતો.
- એને મોચીના વાદામાં જરાય વિશ્વાસ ન હતો.
- એને એકાએક બહારગામ જવાનું થયું હતું. (4)

૧.૧.૬ સાધુએ મોચીને પોતાના ગુરુ કેમ ગણ્યાં ? (4)

**(20)**

**પ્રશ્ન– ૧.૨ બ.વ્યાકરણ**

**૧.૨.૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો (કોઈ પણ બે)**

૧.૨.૧.૧. બા

૧.૨.૧.૨. સ્ત્રી

૧.૨.૧.૩. મિત્ર (2)

**૧.૨.૨ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો. (કોઈ પણ બે)**

૧.૨.૨.૧. ગર્વ

૧.૨.૨.૨. પગરખાં

૧.૨.૨.૩. પૈસાદાર (2)

**૧.૨.૩ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. (કોઈપણ બે)**

૧.૨.૩.૧. જેનો નાશ નથી તે

૧.૨.૩.૨. હાવભાવ બતાવવાની કલા

૧.૨.૩.૩. જેનો અંત નથી તે (4)

**૧.૨.૪ નીચેના શબ્દોની લિંગ બદલો. (કોઈપણ બે)**

૧.૨.૪.૧. બા

૧.૨.૪.૨. સાધુ

૧.૨.૪.૩. સ્ત્રી (2)

**૧.૨.૫ નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો.**

**(આપેલ રુઢિપ્રયોગનો બંધબેસતો અર્થ શોધો)**

| **અ** | **બ** |
|---|---|
| ૧.૨.૫.૧. જીવ બાળવો | ક. દુ:ખી થવું. |
| ૧.૨.૫.૨. પૈસા બનાવવા | ડ. જાત મહેનતથી પ્રાપ્ત કરવું. |
| | હ. ખૂબ કમાવવું |

(4)

**૧.૨.૬ નીચે આપેલા શબ્દોનું યોગ્ય વચનનું રૂપ લખો.**
**(કોઈપણ એક)**

૧.૨.૬.૧ કેળું    ૧.૨.૬.૨ સાધુ (1)

**(15)**

**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૨ મોચી ભગતનો પરિચય તમારા શબ્દોમાં આપો.**

**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૩**

૩.૧ લોકો પર પતિ પત્નીની છાપ કેવી હતી ? (6)

૩.૨ પ્રભુને ગુણની કદર નથી એમ નારદ શાથી કહે છે ? (6)

૩.૩ નિર્ધન કોઈ નથી. તમારા વડે એ સધન છે ને એમના વડે તમે સધન છો, આ વાક્ય સમજાવો. (8)

૩.૪ નીચેના વાક્યોમાં કૌંસમાં આપેલા ક્રિયાપદનું યોગ્ય રુપ લખો. (કોઇ પણ બે)

૩.૪.૧ આ વાત સાંભળીને વંકા....... (હસી, હસવું, હસ્યાં) (2)

૩.૪.૨ મારા આ વિનય માટે ક્ષમા.......(કરવું, કરજો, કરી) (2)

૩.૪.૩ આ દંપતીનાં પ્રત્યક્ષ દર્શન એમણે કર્યાં ન ......(હતી, હતું, હતાં) (2)

૩.૫ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.

સૂરજ મદદ (4)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો લખો.

દિવસ નિર્ધન સારુ

સુખી પાછળ (5)

**[35]**

IEB Copyright © 2013

અથવા

**પ્રશ્ન– ૪ રંકા વંકાનું ચરિત્ર–ચિત્રણ તમારા શબ્દોમાં રજૂ કરો.**

**[35]**

અથવા

**પ્રશ્ન– ૫ નીચે આપેલા પદ્યોમાંથી કોઈપણ ત્રણ પદ્યને તમારા શબ્દોમાં સમજાવો.**

અ. ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી,
મહાનલ, એક જ દે ચિનગારી.
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ, હું અધિક ન માંગુ,
માંગુ એક ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી.

બ. હરિજનો કરુણાથી બોલે, 'હરિહરિ'
ઉતાવળા ચાલ્યા આગે સ્થળ પર હરીઃ
દશ્યથી દુખિત ભાવે જન એક તહીં,
ગંગાજળ ખાલી કરે ખરમુખ મહીં.
જળપાને આય આવી, ખર ઊભો થાય.
ને તે મૂગી આશિષ દઇને ચાલ્યો જાય.

ક. બોલમા બોલમા, બોલમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.
ચાંદા સૂરજનું તેજ તજીને, આગિયા સંગાથે પ્રીત જોડમારે;
રાધાકૃષ્ણ વિના બીજું બોલમા

ડ. સાગરને તીરે એક ટટળે ટિટોડી
ચીરી આકાશ એની ઊઠે છે ચીસ,
"સાગર ગોઝારા હો, ઈંડા મારા દે"
ટટળી કળેળતી કાઢે છે રીસ.
મસ્તીના ઘેનમાં ગાજે મેરામણો,
"છો ને ટિટોડી પેલી ટટળી મરે
ડુંગર શાં જહાજ મેં કૈં કૈં ડુબાવિયાં,
ઈંડા ભૂંડા તારાં પાછા ફરે" !

**[35]**

**અથવા**

**પ્રશ્ન– ૬ નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો. (કોઇ પણ સાત)**

૬.૧ કવિ ઈશ્વરની પાસે શી યાચના કરે છે ? (5)

૬.૨ કવિને કઇ વાત વિપત્તિકારક લાગે છે ? (5)

૬.૩ હરિજનો ગધેડાને પાણી પાવા ઊભા રહી જાય છે,
આ વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો. (5)

૬.૪ એકનાથ શૂં કરવા ઊભા રહી જાય છે ? (5)

૬.૫ મીરાંબાઇ કોનું નામ લેવાનું કહે છે ? (5)

૬.૬ ખાલી જગ્યા પૂરો.

અ. સાકર શેરડીનો સ્વાદ તજીને .......ધોળ મા રે.

બ. ચાંદા સૂરજનું તેજ તજીને .......જોડ મા રે. (5)

૬.૭ સાગરને તીરે ટિટોડી શા માટે ચીસ પાડે છે ? (5)

૬.૮ સાગરને કઇ વાતનું અભિમાન છે ? (5)

૬.૯ અ. સફળ યાત્રા કવિતાના રચયિતા ........છે.

બ. ટિટોડીને સાગર પાસેથી ઇંડા પાછા મળે છે.

આ વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો. (5)

**[35]**

IEB Copyright © 2013

અથવા

**પ્રશ્ન–૭** જેસલ અને તોરલ વચ્ચેનો સંવાદ વાર્તારૂપે લખો.

**[35]**

અથવા

**પ્રશ્ન–૮ અ. (નાટક જેસલ તોરલ પરથી)**

૮.૧ મછવો ડુબવાની તૈયારીમાં છે ત્યારે તોરલ જેસલને ક્યા પરાક્રમની યાદ અપાવે છે ? (6)

૮.૨ મને પ્રભુ મદદ નહિ કરે એમ જેસલને શા માટે લાગે છે ? (7)

૮.3 નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

ક. જેસલને દરિયાઇ તોફાનથી ભય લાગે છે.

ખ. છેવટે જેસલ તોરલને ઉપાડી બીજે ગામ લઇ જાય છે. (4)

**બ. નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.**
(પૂર્વાપર = કોણ બોલે છે, કોને કહે છે, અને ક્યારે કહે છે અથવા શા માટે કહે છે)

૧. 'ત્યારે તું આજથી મારી ધર્મની બહેન.'

૨. 'એવું બોલમા, આશા પ્રભુમાં રાખ, શરણ પ્રભુનું લે'. (8)

**ક. ખાલી જગ્યા પૂરો.**
(ચાંચિયા, પ્રભુનું, ભય, સાત, સાત)

અ. …………સાથે લડતાં તારું વહાણ ડૂબ્યું હતું. અને મહાસાગરમાં ……..દિવસ અને …….રાત સુધી માછલીની માફક તું તરી આવ્યો હતો.

બ. તોરલ! મને વધારે……. લાગે છે.

ક. જેસલ! ……… નામ લે. (10)

**[35]**

**Total: 70 marks**

IEB Copyright © 2013